RAN-3000

# RAN-3000

## T.Y.B.A. (Semester - V) Examination

## March / April - 2019

## Gujarati Paper - XVI (B)

## (અપઠિત – અનસીન)

**Time: 2 Hours ]** **[ Total Marks: 50**

**સૂચના : / Instructions**

**નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.**
**Fill up strictly the details of ☛ signs on your answer book**

Name of the Examination:

☛ **T.Y.B.A. (Semester - V)**

Name of the Subject :

☛ **Gujarati Paper - XVI (B)**

Subject Code No.: 3 0 0 0

Seat No.:

Student's Signature

**પ્ર-૧** **કોઈપણ પાંચ પ્રશ્નોના જવાબ આપો** **(૧૦)**

૧. સમાજાભિમુખતા વ્યક્ત થઈ હોય એવી બે સર્જનાત્મક સાહિત્યકૃતિના નામ લખો.

૨. ક્યા આધુનિક માધ્યમો સાહિત્યને ઉપયોગી છે?

૩. ડાયસ્પોરા સાહિત્ય કોને કહેવામાં આવે છે?

૪. ગદ્યખંડનું વિવેચન કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ?

૫. પ્રતીયમાન અર્થનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

૬. પતાકાસ્થાનક સંજ્ઞાનો વિનિયોગ સાહિત્યના ક્યા સ્વરૂપમાં વિશેષ થયો છે?

૭. અલંકારના કેટલા પ્રકાર છે? ક્યા ક્યા તે જણાવો.

૮. અનન્વય અલંકારનું દૃષ્ટાંત લખો.



http://www.vnsguonline.com

**પ્ર-૨ કોઈપણ એક વિશે સર્જનાત્મક નોંધ લખો.** **(૧૩)**

૧. વંચિતોનું સાહિત્ય

૨. સાહિત્ય અને ઈન્ટરનેટ

૩. સાહિત્ય અને સમૂહ માધ્યમો

**પ્ર-૩ ગદ્યખંડનું વિવરણ કરો.** **(૧૩)**

''માણસ ગમે ત્યાં વસતો હોય, ગમે તે ભાષા બોલતો હોય, એ પ્રેમની મૂંગી ભાષા સમજે છે. એટનબરોની 'ગાંધી' ફિલ્મને દુનિયામાં જગોજગ જે પ્રચંડ આવકાર મળ્યો તે એ જ સૂચવે છે. પ્રેમની ભૂમિકાએ વિજ્ઞાન, ધર્મ અને કવિતાનો સંગમ થાય તો શબ્દ નવા ચમત્કારો સર્જશે. ભાષાની શોધ એ મનુષ્યની સૂક્ષ્મતમ શોધ છે. પોતાના આંતરમનને પ્રગટ કરવાની મથામણમાં મનુષ્યે આજ સુધી ભાષાને વિકસાવવાનો ઉદ્યમ કર્યો છે, અને તો યે આજના સંદર્ભમાં ભાષા ઓછી પડે છે. ભાષાની કટોકટી સર્જાઈ છે, એમ અગાઉ કહેવાઈ ગયું છે, તેમ છતાં શબ્દ પોતાના માન્ય સામાજિક અર્થની ઉપરવટ જઈને માનવની હયાતિની શુભ અભિલાષાની મૂર્ત સંજ્ઞા બનવાની ક્ષમતા ધરાવે છે. ભાષા સાથે જેનો પનારો પડ્યો. તેણે શબ્દની આ ક્ષમતા માનવ અસ્તિત્વના સાતત્યના હિતમાં વિકસાવવાની ઘડી આવી છે. આ મંગલભાવિની દિશામાં પગલાં માંડવાનું સામાર્થ્ય જગતભરના સાહિત્ય સર્જકોને પ્રાપ્ત થાઓ, એવું પ્રાર્થીએ.''

- યશવંત શુક્લ

**અથવા**

**પ્ર-૩ ચાવીરૂપ સંજ્ઞાઓનો સોદાહરણ પરિચય કરાવો.**

૧. સાધારણીકરણ

૨. વૃત્તિમય ભાવાભાસ



http://www.vnsguonline.com

પ્ર-૪ (અ) વ્યતિરેક, ઉપમા, રૂપક અને સજીવારોપણ - પૈકી કોઈપણ બે અલંકાર સોદાહરણ સમજાવો. (૭)

**(બ) કોઈપણ બેના અલંકાર ઓળખાવી તેના સૌંદર્યને સ્ફૂટ કરો.** (૭)

૧. ''જેમ ચંદ્ર ચકોરને આકર્ષે છે, તેમ
રમણીનું મુખ રસિકજનના ચિત્તને ચગડોળે ચડાવે છે.''

૨. ''ઝાંખા - ભૂરા ગિરિ ઉપરનાં એક થી એક શૃંગ
વર્ષાકાળે જલધિજલના હોય જાણે તરંગ.''

૩. ''પહેરી ફાડે તું, તે વસ્ત્ર નથી એ જાણી લે મારા બાપ!
ભાંડુ તારા જેવાં મનેખના એ આયખાનાં છે માપ.''

૪. ''ઘણું વાંકાબોલા સત્યભામા રે,
આ શું ફૂટડા મિત્ર સુદામા રે.''

---



http://www.vnsguonline.com